## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. અરણેજ, ખાતે તા. ૨૦.૦૧.૨૦૧૮ ના રોજ તાલુકા કક્ષાની પશુપાલન શિબિર, પશુપાલન ખાતું - ગુજરાત રાજ્ય, પશુપાલન શાખા જીલ્લા પંચાયત અમદાવાદ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજના સંયુક્ત ઉપક્રમે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગૌરીબેન ડાભીના અધ્યક્ષ સ્થાને યોજાયો. આ શિબિરમાં કેસરગઢ, અરણેજ, સાથળ, જવારજ, રાયપુર, રામપુર, ગૂંદી, ભુરખી વગેરે ગામના આશરે 300 જેટલા પશુપાલક મહિલાઓ તથા ખેડૂતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. આ શિબિરમાં પશુપાલન અને કૃષિને લગતા વિષયો પર પ્રવચન તથા ચર્ચા કરવામાં આવી અને પશુદીઠ ખર્ચમાં ઘટાડો કરી અને વધુ દૂધ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તેના ચાવી રૂપ મુદ્દા પર છણાવટ કરવામાં આવી. શિબિરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. જે. કે.પટેલ, વૈજ્ઞાનિક (પશુપાલન) ડો.જીગર એચ.પટેલ તથા જુદા જુદા વિષયો ઉપર વૈજ્ઞાનિકોએ કૃષિને લગતી માહિતીનું વ્યાખ્યાન આપ્યું.

કાર્યક્રમનુ આયોજન અને સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજના વૈજ્ઞાનિક ડો. જીગર એચ. પટેલે કર્યું હતું.












